# ભાગ્યનો ખેલ. . .

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

વસંતઋતુની શરૂઆત થઈ રહી હતી. ક્યોટોની રાજધાનીના બહારના વિસ્તારમાં થાકેલા સૈનિકોની આ ટુકડી આરામ કરી હતી. તેમની નાની છાવણીની ચારેતરફ 'સકુરા'નાં વૃક્ષ હતાં, જેના પર ફૂલો ખીલવાનાં શરૂ થઈ ગયાં હતાં. હલકા ગુલાબી રંગનાં ફૂલો, જે ચેરિ બ્લૉસમ નામે પણ જાણીતા છે તે ડાળીઓમાંથી બહાર ડોકિયાં કરી રહ્યાં હતાં. આ દશ્ય એક અલ્પકાલીન શાંતિનું દશ્ય લાગતું હતું.

એક દિવસ વહેલી સવારે આ ટુકડીના સેનાપતિ સકુરા વૃક્ષની નીચે બેઠા બેઠા છાવણી તરફ જોઈ રહ્યા હતા. તેમના સૈનિકો ધીરેધીરે નિદ્રામાંથી બહાર આવી રહ્યા હતા. તેમાંનો એક સૈનિક આગમાંના લાકડાંને સંકોરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો જેથી અગ્નિ સળગતો રહે. બીજા થોડા સૈનિકો કંઈક ખાવાનું તૈયાર કરી રહ્યા હતા.

તે એક લાંબું યુદ્ધ હતું, જાપાનના અનેક પ્રાંતોમાં તે ઘણાં વર્ષોથી ચાલી રહ્યું હતું. સેનાપતિ, નિન્ટોકુ જોઈ શકતા હતા કે આ યુદ્ધે તેમના સૈનિકોનો ભોગ લીધો હતો. સૈનિકો ક્યારેય મુશ્કેલીઓ વિશે બોલ્યા નહોતા, એકવાર પણ નહીં, પરંતુ તે સારી રીતે જાણતા હતા. તે જોઈ શકતા હતા કે સૈનિકોના ચહેરા થોડા ફીકા પડી ગયા હતા; તેમના પગલા થોડા ધીમા અને ભારે થઈ ગયા હતા; જેવું તેમણે યુદ્ધનું મેદાન છોડ્યું કે તરત જ તેમના ખભા નમી ગયા હતા. એક સમય એવો હતો જ્યારે આ માણસો તેમનું મસ્તક ઊંચું રાખીને ચાલતા હતા. તેઓ તેમના વિજયનું અને વીરતાભર્યાં પરાક્રમોનું ગૌરવ લેતા, એ વિશ્વાસ સાથે કે ભવિષ્યમાં પણ તેઓ વિજય પ્રાપ્ત કરશે.

સેનાપતિ નિન્ટોકુ જ્યારે ત્યાં બેઠા બેઠા વિચારી રહ્યા હતા કે સૈનિકોનું મનોબળ વધારવા માટે શું કરવું જોઈએ, ત્યારે જ તેમનો એક સૈનિક દોડતો દોડતો તેમની પાસે આવ્યો.

તેણે એક ક્ષણ થોભીને પોતાના હાથ ઘૂંટણ પર મૂકીને હાંફતા હાંફતા કહ્યું, ''સેનાપતિજી! રાજમહેલમાંથી તમારા માટે એક સંદેશ છે.'' તેણે એક લાંબું પાતળું પરબીડિયું લંબાવ્યું.

સેનાપતિએ સૈનિકના હાથમાંથી પરબીડિયું લીધું અને અંદરનો કાગળ ખોલ્યો. તે પત્ર સાફ, મરોડદાર અને સુંદર અક્ષરોથી લખાયેલો હતો, જોકે તેની અંદરનો સંદેશ તેનાથી વિપરીત હતો. સંદેશને પૂરો વાંચી લીધા પછી સેનાપતિ થોડી ક્ષણ માટે થોભ્યા અને બહાર ક્ષિતિજ તરફ તાકવા લાગ્યા. સૂર્યોદય થઈ ચૂક્યો હતો, આછા નારંગી રંગની પારદર્શી આભા વૃક્ષોને ચમકાવી રહી હતી અને તેની ઉષ્મા એ પ્રદેશને રંગી રહી હતી.

''સેનાપતિજી, એમાં શું લખ્યું છે?'' તે સૈનિકે અચકાઈને પૂછ્યું.

સેનાપતિ એક ક્ષણ માટે શાંત રહ્યા. ચેરીનું એક ફૂલ ડાળી પરથી ખરીને તેમના ખોળામાં પડ્યું. તેમણે તેને ઊઠાવ્યું અને તેની નાજુક પાંખડીઓને નિહાળવા લાગ્યા. આ ફૂલો મોટાભાગે સફેદ હતાં, છતાં તેની પાંખડીમાં અંદર ક્યાંક ક્યાંક એકાદ લાલ રંગની રેખા હતી.

સેનાપતિ નિન્ટોકુ સૈનિક તરફ ફર્યા. તેમણે કહ્યું, ''આપણે તરત જ યુદ્ધમાં પાછું જવું પડશે. દુશ્મનો ઉત્તર દિશામાંથી આવી રહ્યા છે. તેઓ સૈનિકોની ઘણી બધી ટુકડીઓ સાથે આવી રહ્યા છે.''

''કેટલી ટુકડીઓ છે?'' સૈનિકે પૂછ્યું.

''પાયદળ આપણા કરતા લગભગ ત્રણ ગણું વધારે છે અને અશ્વદળ બે ગણું છે.

''શું આપણે મદદ મંગાવી શકીશું?''

''મંગાવી શકીએ, પરંતુ તે સમયસર નહીં પહોંચે.''

''તો પછી આપણે શું કરીશું?''

''આપણે લડીશું.'' સેનાપતિએ માત્ર એટલું જ કહ્યું. આમ કહીને તે ઊભા થઈ ગયા, તેમણે તેમના પોશાકમાં પત્ર મૂક્યો અને છાવણી જવાના રસ્તે ચાલવા લાગ્યા.

તે સૈનિકનો પ્રશ્ન સેનાપતિના મનમાં ઘૂમી રહ્યો હતો. તેઓ શું કરશે? ભલે તેમના માણસો કેટલીય વીરતાથી લડે, પરંતુ જો તેઓ તેમના દુશ્મનોને રોકી નહીં શકે તો દુશ્મનો રાજધાની જીતી લેશે.

તે થોડા સમય સુધી ચાલતા જ રહ્યા, અંતે એક વણાંક પર વળ્યા અને ત્યાં તેમની સામે ઘેરા લાલ રંગની કમાનવાળું 'તોરી દ્વાર' હતું. જાપાનમાં મંદિરના પ્રવેશદ્વારને 'તોરી ગેટ' કહે છે. તે એક મંદિરના પ્રવેશદ્વાર પાસે હતા. આ દ્વારની બંને બાજુએ પથ્થરના બે સંરક્ષક કૂતરા હતા, તેમાંના એકનું મોં ખુલ્લું હતું અને બીજાનું બંધ. તે રૂઆબદાર પ્રાણી હતાં, પરંતુ કોઈક રીતે એવું લાગતું હતું જાણે તે કૂતરા સેનાપતિને અંદર આવવાનો ઈશારો કરી રહ્યાં હોય.

સેનાપતિ નિન્ટોકુએ દરવાજો પાર કરીને મંદિરમાં પ્રવેશ કર્યો. જ્યારે તે વેદી પાસે પહોંચ્યા ત્યારે તેમણે પ્રણામ કર્યા, નમીને મસ્તકને જમીન પર અડાડ્યું. પછી તે ઘૂંટણ ટેકવીને થોડીવાર માટે બેઠા. તેમની આંખો બંધ હતી અને મંદિરની શાંતિ તેમની અંદર પ્રવેશીને તેમના હૃદયની આસપાસના સ્થાનમાં સ્થિર થઈ ગઈ. તેમના અંતરમાંથી પ્રાર્થનાઓ આપોઆપ જ ઉદ્‌ભવી રહી હતી. સેનાપતિએ પોતાની ફરજ નિભાવવા સામર્થ્ય અને વિવેકબુદ્ધિ માટે પ્રાર્થના કરી, એ સુનિશ્ચિત કરવા માટે કે રાજધાની અત્યારે અને હંમેશ માટે સુરક્ષિત રહે. સેનાપતિએ પ્રાર્થના કરી કે તેના સૈનિકો તેમના પરિવારને ફરીથી મળી શકે.

જ્યારે તે પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે તેમણે કંઈક સાંભળ્યું : એક અવાજ જે પહેલાં ધીમો હતો અને પછી ધીમેધીમે મોટો થતો ગયો. તે અવાજ ક્યાંક તેમની પાછળથી આવી રહ્યો હતો. તે કોઈ ધાતુની વસ્તુના અવાજ જેવો હતો.

તેમણે આંખો ખોલી અને તરત જ એ અવાજ જ્યાંથી આવતો હતો એ સ્થાનને શોધી લીધું. તે એક સિક્કો હતો, જે સરરર અવાજ કરતો જમીન પર ગોળગોળ ફરી રહ્યો હતો. તેઓ જ્યાં ઘૂંટણીએ બેઠા હતા ત્યાં પહોંચતાં જ સિક્કાની ગતિ ધીમી પડી ગઈ અને તે એની છાપ ઉપર આવે એ રીતે આમતેમ, ફરતો ફરતો અંતે રણકાર સાથે તે જમીન પર પડ્યો.

સેનાપતિએ આજુબાજુ જોયું. મંદિરમાં બીજું કોઈપણ નહોતું. તેમણે સિક્કો ઉપાડી લીધો અને હથેળીમાં લઈ ફેરવીને તેને જોવા લાગ્યા. થોડીવાર સુધી તેમણે તેને ઉત્સુકતાથી જોયા કર્યો. ધીરેથી તેમના ચહેરા પર એક સ્મિત આવી ગયું.

* * *

પછી એ સવારે જ્યારે સેનાપતિ નિન્ટોકુ છાવણીમાં પાછા આવ્યા ત્યારે તેમણે પોતાના સૈનિકોને ભેગા કર્યા અને આગામી યુદ્ધ વિશે તેમને કહ્યું. સૈનિકોએ આ સમાચાર ધૈર્યપૂર્વક સાંભળ્યા, પરંતુ સેનાપતિને ખબર હતી કે તેઓ ચિંતિત હતા. તેમની આંખો પહોળી થઈ ગઈ; તેમના ચહેરા સજ્જડ થઈ ગયા હતા જેથી તેના પર ઊંડી રેખાઓ બની ગઈ હતી.

‘‘હું જાણું છું કે તમે શું વિચારી રહ્યા છો,’’ સેનાપતિ નિન્ટોકુએ કહ્યું. ‘‘પરંતુ ભાગ્ય હંમેશાં એવું નથી હોતું જેવું દેખાય છે. આ સિક્કાને જુઓ.’’

તેમણે મંદિરમાંથી મળેલો સિક્કો બતાવ્યો.

‘‘જ્યારે હું નજીકના મંદિરમાં પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે આ સિક્કો મને મળ્યો. હું માનું છું કે એમાં કોઈ સંકેત છે.’’

‘‘સંકેત? તે કેવી રીતે, સેનાપતિજી?’’ એક સૈનિકે પૂછ્યું.

‘‘ખેર, શું તમે જાણો છો કે આપણા પૂર્વજોના સમયમાં સેનાધ્યક્ષો શું કરતા હતા?’’

સૈનિકો એકબીજાને જોવા લાગ્યા, તેમના ચહેરા ભાવશૂન્ય હતા.

અંતે તેમણે કહ્યું, ‘‘ના, સેનાપતિજી, અમે નથી જાણતા.’’

‘‘હું સમજાવું છું,’’ સેનાપતિ નિન્ટોકુએ કહ્યું. ‘‘કોઈપણ મોટા યુદ્ધ પહેલાં, સેનાધ્યક્ષ પોતાના સૈનિકોને ભેગા કરતા — જેવી રીતે આજે તમે ભેગા થયા છો તેમ. પછી તે એક સિક્કો લેતા, સામાન્યરીતે આ સિક્કાને તે નજીકના મંદિર અથવા સમાધિમાં આશીર્વાદિત કરાવીને લાવતા. મારા હાથમાં આ સિક્કો છે એવો જ.

સેનાપતિ થોડું થોભ્યા.

‘‘અને, પછી શું?’’ એક સૈનિકે પૂછ્યું.

‘‘પછી સેનાધ્યક્ષ તેમના સૈનિકોને કહેતા, ‘સૈનિકો! હું આ સિક્કાને ઉછાળીશ. જો છાપ પડે, તો એનો અર્થ છે કે આપણો વિજય થશે.’ અને જ્યારે જ્યારે તે સિક્કો છાપ બાજુએ પડતો ત્યારે ભલે ગમે તેટલી મુશ્કેલીઓ હોય અથવા તેમના કરતા દુશ્મનોની સંખ્યા ગમે તેટલી વધારે હોય તોપણ તેઓ યુદ્ધ જીતી જતા.’’

‘‘શું?’’ ‘‘ના હોય — ખરેખર?’’ ‘‘દર વખતે?’’ સૈનિકોને નવાઈ લાગી.

સેનાપતિ નિન્ટોકુએ કહ્યું, ‘‘હા, દર વખતે. તો હવે, હું મારા હાથમાં રહેલો આ સિક્કો ઉછાળીશ. અને મારા શબ્દોને યાદ રાખજો, જો છાપ પડે તો આપણે જીતી જઈશું, જેવી રીતે પહેલાં આપણા પૂર્વજો જીત્યા હતા.’’

સેનાપતિએ સિક્કો અંગૂઠા અને તર્જની વચ્ચે લીધો. સારી રીતે જોઈ શકાય એટલા માટે સૈનિકો થોડા આગળ આવ્યા. તેમની ઉત્સુકતા — તેમની આશા, એમ માની લેવાની તેમની ઇચ્છા કે કદાચ, કદાચ તેમનું ભાગ્ય પૂર્વનિર્ધારિત નહીં હોય — કોઈપણ જાતના સંદેહનો ભાવ દૂર થઈ ગયો હતો.

સેનાપતિ નિન્ટોકુએ તેમની આંગળીના એક ઝટકાથી સિક્કાને હવામાં ઉછાળ્યો. તે ઊંચે, ઊંચે ને ઊંચે, ગોળગોળ ફરતો ફરતો વૃક્ષની ડાળીઓથી ઉપર ગયો. દરેકની નજર તેને જોઈ રહી હતી; તેમનો શ્વાસ થંભી ગયો હતો, કોઈપણ હાલતું નહોતું.

અંતે, અનંતકાળ જેવી લાગતી થોડી ક્ષણ પછી, ગુરુત્વાકર્ષણને લીધે સિક્કો નીચે આવ્યો અને સેનાપતિની લંબાવેલી હથેળી પર પડ્યો. તેમણે તેના તરફ જોયું, તેમનો ચહેરો ગંભીર હતો. પછી તેમણે ઉપર જોયું.

‘‘છાપ,’’ તેમણે કહ્યું.

એક ક્ષણ માટે બધું સ્થિર-શાંત હતું. અને પછી — ખુશીની લહેર ફેલાઈ ગઈ. તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. સૈનિકો એકબીજાને ભેટ્યા, છાતી થાબડવા લાગ્યા, મુઠ્ઠી બંધ કરીને તેમના હાથ આકાશ તરફ ઊંચા કરવા લાગ્યા. અચાનક, બધું જ શક્ય હતું. વિજય દેખાઈ રહ્યો હતો.

નવા જોશથી ભરાઈને તેઓ યુદ્ધ માટે કૂચ કરવા લાગ્યા. જ્યારે તેમણે દુશ્મનની સેનાની ટૂકડીઓને તેમના તરફ ધસી આવતી જોઈ ત્યારે તેઓ નિરુત્સાહિત નહોતા, તેઓ ભયભીત નહોતા. તેમની પાસે જેટલી યુક્તિ-

પ્રયુક્તિઓ હતી તે બધાંનો તેમણે પ્રયોગ કર્યો. તેઓ એવી આક્રમકતાથી લડ્યા જે તેમનામાં હતી, જેનાથી તેઓ અજાણ હતા. અને આશ્ચર્યની વાત એ થઈ કે દિવસના અંતે તેમના દુશ્મનોએ હાર માની લીધી.

સકુરા વૃક્ષની નીચે પોતાની ખુરસીમાં બેઠાં બેઠાં સેનાપતિ નિન્ટોકુ દુશ્મનોને પીછેહઠ કરતા જોઈ રહ્યા હતા. આકાશ ફરી પાછું નારંગી રંગનું હતું, સૂર્ય દેવતા દિવસભરના કાર્ય પછી અસ્ત થવા જઈ રહ્યા હતા.

પછી અચાનક જ, ક્યાંક નજીકથી ખડખડાટનો અવાજ થયો. સેનાપતિએ વળીને જોયું તો એક સૈનિક તેમના તરફ આવી રહ્યો હતો — એ જ સૈનિક, જેણે રાજમહેલથી આવેલો સંદેશ તેમને પહોંચાડ્યો હતો.

‘‘સેનાપતિજી, આપણું ભાગ્ય કેટલું અદ્ભુત છે! ભગવાનની કૃપા છે કે સિક્કો છાપ તરફ પડ્યો!’’

‘‘હા, સાચે જ. આપણું ભાગ્ય અદ્ભુત છે.’’ સેનાપતિ નિન્ટોકુએ કહ્યું.

એક ક્ષણ પછી તેમણે કહ્યું, ‘‘હવે, હું ઇચ્છું છું કે તું આ તારી પાસે રાખ.’’ તેમણે એ સિક્કો સૈનિકને આપ્યો, જેણે તેને પોતાની મુઠ્ઠીમાં લઈ લીધો.

‘‘ભાગ્યના સ્મૃતિચિહ્નને તું તારા હાથમાં રાખજે.’’ સેનાપતિ નિન્ટોકુએ કહ્યું. તેમણે સૈનિકની પીઠ થાબડી અને ચાલ્યા ગયા.

સૈનિકે સિક્કા તરફ જોયું, તેની છાપ પર દિવસનો છેલ્લો પ્રકાશ ચમકી રહ્યો હતો. તેણે તેને પલટાવ્યો. ફરી એકવાર, સપાટી પર છાપ સૂર્યપ્રકાશમાં ચમકી રહી હતી.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.